# વ્યક્તિના વિકાસ માટે પરિસ્થિતિ, જાતિ , જ્ઞાતિ મહત્વના નથી

વ્યક્તિત્વના મુખ્યત્વે બે પ્રકાર પાડી શકાય. પ્રથમ એવું વ્યક્તિત્વ કે જે પરિસ્થિતિને અનુકૂળ થઇને જીવે, જયારે બીજું વ્યક્તિત્વ એવું છે કે જે પરિસ્થિતિને પોતાને અનુકૂળ બનાવીને જીવે. પ્રથમ પ્રકારના વ્યક્તિત્વને સંઘર્ષનો સામનો ખૂબ જ ઓછો કરવો પડે છે, જયારે બીજા પ્રકારના વ્યક્તિત્વએ સતત સંઘર્ષમાં જીવવું પડે છે. આવું વ્યક્તિત્વ ધરાવનારની નોધ સમાજે લેવી જ પડે છે, જે અન્ય વ્યક્તિઓ માટે આદર્શ બની રહે છે. જે અન્યને રાહ ચીંધે છે. જીવનમાં ચડતીપડતી આવે, જીવન એટલે જ સંઘર્ષ. અબ્દુલ કલમ સાહેબે સંઘર્ષમય જીવનને ધ્યનમાં રાખીને એક સરસ વાત કરેલી કે, ઈશ્વરે આપણને ક્યારેય એવું વચન નથી આપ્યું કે, આકાશ હંમેશ માટે સ્વચ્છ રહેશે. આ ઉક્તિમાં મોટું ચિંતન સમાયેલ છે.

જીવનમાં વિકાસ કરવો હોય તો બે બાબતો કરવી જ પડે. પ્રથમ તો વધારાનું કામ કરો અને નવીનતાભર્યું કામ કરો. કામ કરવાની બાબતમાં બીજાથી અલગ પડો. બધાં કરતા હશે તેટલું જ આપણે કરીશું તો બીજાથી આપણે અલગ પડી નહિ શકીએ. અને જ્યાં સુધી બીજાથી અલગ નહિ પડો ત્યાં સુધી લોકો તમારી નોધ પણ નહિ લે. ઘેટાંના ટોળામાં એક ઘેટાંની નોધ ના લેવાય, પણ જો વચ્ચે એક બકરી હોય તો તે અલગ તરી આવે છે, માટે તેની નોધ લેવાય  છે.સાથે આપણા કામમાં સતત નવીનતા લાવો. કામ પ્રત્યે નિષ્ઠા-તમન્ના આપણને નીચેથી ઉપર લઇ જાય છે. આવા જ એક વ્યક્તિત્વને હમણાં જ જૂનાગઢ જીલ્લામાં સાસણગીર  ખાતે મળવાનું થયું.

સાસણગીરમાં જે વ્યક્તિત્વને મળ્યો તે રસીલા વાઢેર કે જે ગુજરાત અને ભારતમાં 'લાયન ક્વીન' તરીકે ઓળખાય છે. આ ૩૨ વર્ષની મહિલા જે આજના યુવાનો માટે આદર્શ અને રોલમોડેલ બની શકે તેમ છે. આ મહિલાએ અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ સિંહોને અને દીપડા કે અન્ય ૧૦૦૦થી વધુ પ્રાણીઓને બચાવ્યા છે. જંગલમાં તેની કામગીરીની ચર્ચા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં થઇ ગઈ છે. પણ આજે એવી વાતની નોધ લેવી છે કે, જેના વિષે સમાજ સાવ અજાણ છે અને એ બાબતો જ યુવાપેઢી માટે આદર્શ બની બની શકશે.

રસીલાએ માત્ર એક વર્ષની ઉમરે પિતાને ગૂમાવ્યા હતા. ગામડામાં ઓબીસી વર્ગમાં મમ્મીએ બે પુત્રીઓ અને એક પુત્રનો મહામહેનતે ઉછેર કરેલો. આગળ જતાં એક બહેન પણ ગૂમાવી. આજથી ત્રણ વર્ષ પૂર્વે લગ્ન થયા. થોડા જ મહિનામાં સસરાને પણ ગૂમાવ્યા. આજે પણ રસીલા કહે છે કે,' મારા જીવનમાં પપ્પાનું સુખ કેમ નહિ હોય ? રસીલાની નાનપણથી ઈચ્છા ખાખી યુનિફોર્મ વાળી નોકરી કરવાની અને એક શિક્ષક સાથે લગ્ન કરીને બાઈક પાછળ બેસવાની હતી. તેણે સૌ પ્રથમ એસ.આર.પી.માં નોકરી સ્વીકારી. બે માસ પછી ફોરેસ્ટમાં ગાર્ડ તરીકેની નોકરી મળી. ત્યારબાદ વનવિભાગમાં જ ફોરેસ્ટરની પરીક્ષા પાસ કરી. આમ એક પછી એક ડગલું તે ઉપર ચડતી ગઈ. તેણે જયારે ફોરેસ્ટની નોકરી

સ્વીકારી ત્યારે ઘણાં લોકો કહેતા કે, આ સ્ત્રી સિંહ-દીપડા સામે કેવી રીતે ઉભી રહી શકશે? તે પુરુષોની જેમ કામ નહિ કરી શકે. પણ તેણે હિમત અને નિષ્ઠા બંને બતાવ્યાં. તેને શીખવાની તો એટલી લગન હતી કે, એકવાર દીપડાને બચાવવાની કામગીરી કરતી હતી, ત્યારે દીપડાએ તેને જમણા હાથના કાંડા પર બચકું ભર્યું. લગભગ પંદર ટાંકા આવ્યા. જેથી તે લખી શકતી નહતી. તેણે ડાબા હાથે લખવાનું નક્કી કર્યું અને તે થોડા જ દિવસોમાં ડાબા હાથે લખતા શીખી ગઈ ! આ વાતનો ત્યારે ખ્યાલ આવ્યો કે, આ લેખકે તેને પોતાના અનુભવો લખવા માટેનું સૂચન કરેલ. તો તે બાજુના રૂમમાં જઈને એક નોટબુક લઈને આવી. તેણે લખેલ અનુભવો બતાવ્યા. તો આ લેખકે ખુશ થઈને તેના અક્ષરોના વખાણ કર્યા. ત્યારે તેણે ઉપરનો પ્રસંગ કહી બતાવ્યો. તે હિન્દી વિષય સાથે માત્ર સ્નાતક છે.

રસીલા અત્યારે ફોરેસ્ટના કવાર્ટર્સમાં રહે છે. તેના ઘરમાં પ્રવેશ કરતાં સામે જ ખુલ્લું એક કબાટ મેડલ અને ટ્રોફીથી ભરેલું જોવા મળ્યું. પ્રથમ વિચાર એવો જ આવે કે, વનવિભાગની કામગીરી માટે તેને આ મેડલ કે ટ્રોફી મળેલ હશે. પણ નજીક જઈને જોતાં જ આંખો પહોળી થઇ ગઈ. મેડલ અને ટ્રોફી હતાં વિવિધ રમતોના. જે રસીલાએ જીત્યા હતાં. ટેબલ ટેનિસ, ચેસ, બેન્ડમિન્ટન, કેરમ, હાફ મેરેથોન ! આપણા જેવા સામાન્ય માણસને આટલી રમતો રમતાં તો નથી જ આવડતી, પણ તેના નિયમો પણ આપણે જાણતા નથી. ત્યારે આ યુવતિ વનવિભાગમાં સિંહો, દીપડાઓ અને અન્ય પ્રાણીઓની બચાવની કામગીરી સાથે અન્ય ક્ષેત્રે પણ વિશિષ્ટ કામગીરી કરે છે. જે વધારાનું કામ છે. માટે જ તેની નોધ સમાજે લેવી પડે છે. સમાજના અન્ય વિશિષ્ટ વ્યક્તિઓ જેમકે, સચિન તેન્ડુલકર, અમિતાભ બચ્ચન જેવી હસ્તીઓ પણ તેના ઘેર જઈને તેને મળી છે. તેના મતે સફળ બચાવગીરી એને કહેવાય કે, જેમાં પ્રાણી, વ્યક્તિ કે સ્ટાફને કોઈ ઈજા ન થાય. આ અંગે તેના અધિકારીએ હસતા હસતા તેને કહેલું કે, રસીલા તારા લગ્ન પ્રસંગે તું લગ્ન મંડપમાં બેઠી હોય અને જો દીપડાનું રેસ્ક્યુ કરવાનું આવે તો તું લગ્ન પછી કરે પણ રેસ્ક્યુ કરવા પહેલા પહોંચી જાય. આ બાબત કામ પ્રત્યેની નિષ્ઠા અને સમર્પણ સૂચવે છે. આ કાર્યમાં તેને તેના પતિ અને સાસુનો ખૂબ જ સહકાર મળે છે. જે બાબત સમાજને નમૂનો પૂરો પડે છે કે ઘરની સ્ત્રીઓને આગળ લાવવામાં કુટુંબના સભ્યોના સહકારનું ખૂબ જ મહત્વ છે.

પુરુષો માટે તેનો સંદેશો છે કે, સ્ત્રી એ સ્ત્રી છે જ. તેને તક આપો. સ્ત્રીઓ આગળ આવે તો તેની ઈર્ષા ના કરો, સ્ત્રીઓને સંદેશો આપતાં કહે છે કે, સ્ત્રીઓએ મક્કમ રહેવું જોઈએ. સારું કામ કરવામાં સો વિઘ્ન આવશે. કોઈ આપણી ઈર્ષા કરે તો તેનો અર્થ એવો કરવો કે આપણે કોઈ સારું અને વિશિષ્ટ કામ કરી રહ્યા છીએ. યુવાનોને ભારપૂર્વક કહે છે કે, ‘ જંગલ બચાવો, વાઈલ્ડ લાઈફ બચાવો. નહિ તો આવનારી પેઢી તેને માત્ર ફોટામાં જ જોશે.’ તેના મતે માણસ જ ખરાબ છે. સિંહ રોયલ અને મર્યાદાવાળું પ્રાણી છે. પ્રાણી એના લક્ષણ કે ગુણ-અવગુણ પર જાય. સિહ એ જંગલનો રાજા છે, આપણે ક્યારેય રાજા બનવાનો પ્રયત્ન નાં કરવો જોઈએ. હા.. દીપડો એ બિલાડીની જેમ લુચ્ચું પ્રાણી છે. તેની પર ભરોસો ના કરાય. તેની ઈચ્છા છે કે, જીવનભર મૂંગા પ્રાણીઓની સેવા કરવી, પૈસા કરતાં પ્રાણીને મહત્વ આપવું.

રસીલા વાઢેર જેવી અનેક યુવતીઓ આજે ગુજરાત અને ભારતમાં છે. આ યુવતીઓ એવા ક્ષેત્રમાં કામ કરે છે કે જે ક્ષેત્રમાં કામ કરવું અગાઉ વિચારવામાં પણ નહોતું આવતું. પોલીસ, સૈન્ય અને વનવિભાગ જેવા અનેક પડકારભર્યા ક્ષેત્રોમાં યુવતીઓએ પોતાની નિષ્ઠા, ધગશ , બહાદુરી અને નાવીન્યભર્યા કામ દ્વારા આજની યુવાપેઢીને ઘણું શીખવાડ્યું છે. એક રસપ્રદ વાત કે ફોરેસ્ટમાં સ્ત્રીઓની ભરતી કરવાનો વિચાર ક્યાંથી આવ્યો? તો આજથી દસ-બાર વર્ષ પહેલાં એક સિંહને ઈજા કરવામાં આવેલ. જે ટુકડીમાં સ્ત્રીઓ પણ સામેલ હતી. ત્યારે વિચાર આવેલો કે, જો સ્ત્રીઓ સિંહને નુકશાન કરી શકે તો બચાવી પણ શકે. જે વિચારને કારણે વનવિભાગે યુવતીઓની ભરતી કરવાનું શરુ કરેલું. અંતે, વ્યક્તિના વિકાસ માટે પરિસ્થિતિ, જાતિ , જ્ઞાતિ વગેરે એટલાં મહત્વના નથી. જેટલા મહત્વના છે હિમત, નિષ્ઠા, વધારાનું અને નાવીન્ય કામ કરવાની ઈચ્છા.